# કચ્છ જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના - SSVY

## માનનીય ધારાસભ્યશ્રી – અનિરુદ્ધભાઈ દવે – માંડવી

### (૧) સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના શું છે?

### - આ યોજના હેઠળ શું શું કામગીરી કરવામાં આવે છે?

જવાબ

- સાગરકાંઠાના વિસ્તારોમાં ખારાશને લઇને થતાં ખવાણને કારણે વીજ વાયરો તથા અન્ય મટીરીયલ અવાર- નવાર તૂટી જતું હોય છે.
- સાગરકાંઠાના વિસ્તારોના લોકોને ગુણવત્તાયુકત વીજળી મળતી ન હતી.
- અગાઉ કોંગ્રેસના શાસન વખતે આ સમસ્યા માટે કોઇ યોજના કે નકકર આયોજન ન હતું.
- આ સરકારે સાગરકાંઠા વિસ્તારમાં ગુણવત્તાયુકત વીજળી મળે તે માટે સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અમલમાં મુકી છે.
- આ યોજના હેઠળ કરવામાં આવતી કામગીરી...

✓ સાગરકાંઠા વિસ્તારની જર્જરિત વીજ લાઈનો અને મટિરિયલ્સ બદલવામાં આવે છે.

✓ સાગરકાંઠા વિસ્તારમાં નવા સબસ્ટેશનો બનાવવામાં આવે છે.

✓ સાગરકાંઠા વિસ્તારના ખેડૂતોને નવા ખેતીવાડી વીજ જોડાણ આપવામાં આવે છે.

# સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ કરવામાં આવેલ કામગીરી

- આ યોજના ૨૦૦૭-૦૮નાં નાણાકીય વર્ષમાં શરૂ કરવામાં આવેલ છે.
- ડિસે ૨૩-.સુધીમાં આ યોજના અંતર્ગત...
  - ✓ રૂ.૯૮૫ કરોડના ખર્ચે ૭૧,૦૩૯ કિ.મી. જર્જરિત વીજ લાઈનો અને ૧,૬૭,૩૬૭ થાંભલા બદલવામાં આવેલ છે.
  - ✓ રૂ.૨૩૪૩ કરોડના ખર્ચે ૨૩૬ નવા સબસ્ટેશનો બનાવવામાં આવ્યા છે.
  - ✓ રૂ.૧૮૭૩ કરોડના ખર્ચે ૧,૨૪,૮૪૪ નવીન ખેતીવાડી વીજ જોડાણ આપ્યા છે.
- વર્ષ ૨૦૨૨-૨૩ના નાણાકીય વર્ષમાં...
  - ✓ રૂ. ૫૦ કરોડના ખર્ચે ૨૮૪૮ કિ.મી. જર્જરિત વીજ લાઈનો અને ૭૬૨૮ થાંભલા બદલવામાં આવેલ છે.
  - ✓ રૂ. ૧૮૮ કરોડના ખર્ચે ૧૦ નવા સબસ્ટેશન બનાવવામાં આવ્યા છે.
  - ✓ રૂ. ૧૩૨ કરોડના ખર્ચે ૮,૯૦૧ નવીન ખેતીવાડી વીજ જોડાણ આપ્યા છે.
- વર્ષ ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષમાં ડિસે.-૨૩ સુધીમાં...
  - ✓ રૂ. ૩૫ કરોડના ખર્ચે ૨૬૦૯ કિ.મી. જર્જરિત વીજ લાઈનો તથા ૫૪૪૫ થાંભલા બદલવામાં આવેલ છે.
  - ✓ રૂ. ૧૫૦ કરોડના ખર્ચે ૨ નવા સબસ્ટેશન બનાવવામાં આવ્યા છે.
  - ✓ રૂ. ૧૧૮ કરોડના ખર્ચે ૭,૭૦૭ નવીન ખેતીવાડી વીજ જોડાણ આપ્યા છે.
- વર્ષ ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષમાં...
  - ✓ રૂ. ૩૬૨.૯૦ કરોડના ખર્ચે જર્જરિત વીજ લાઈનો અને મટિરિયલ્સ બદલવા
  - ✓ અંદાજિત ૧૯ નવા સબસ્ટેશનો બનાવવાનું તેમજ
  - ✓ અંદાજિત ૮૦૦૦ નવીન ખેતીવાડી વીજ જોડાણ આપવાનું આયોજન છે.

## માનનીય ધારાસભ્યશ્રી – માલતીબેન મહેશ્વરી – ગાંધીધામ

**(૨) તા.૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં સાગરખેડૂ યોજના અંતર્ગત તાલુકાવાર કેટલા જર્જરિત વીજ વાયર અને થાંભલા બદલવામાં આવ્યા? અને તે માટે કેટલો ખર્ચ થયો?**

### જવાબ

તા.૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં સાગરખેડૂ યોજના અંતર્ગત તાલુકાવાર બદલવામાં આવેલ જર્જરિત વીજ વાયર અને થાંભલાની વિગત.

| જિલ્લો | વર્ષ | તાલુકા | જર્જરીત વિજવાયરો બદલ્યા (કિ.મી) | થાંભલાઓ બદલ્યા (સંખ્યા) | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| કચ્છ | ૨૦૨૨ | અંજાર | ૩૦.૧૨ | ૭૮ | ૧૮.૭૫ |
| | | ભચાઉ | ૯૧.૮૫ | ૨૨૧ | ૪૮.૫૬ |
| | | ગાંધીધામ | ૭.૭૩ | ૭૦ | ૯.૧૪ |
| | | અબડાસા | ૧૦૦.૮૦ | ૬૩૭ | ૫૮.૦૩ |
| | | માંડવી | ૬૬.૪૦ | ૨૭૬ | ૩૭.૨૦ |
| | | મુન્દ્રા | ૫૫.૧૪ | ૨૮૩ | ૩૬.૯૭ |
| | | લખપત | ૯૬.૩૦ | ૧૦૩૭ | ૭૮.૫૧ |
| ( જાન્યુ-૨૨થી ડિસે.-૨૨અંતિત) કુલ | | | ૪૪૮.૩૪ | ૨૬૦૨ | ૨૮૭.૧૬ |
| કચ્છ | ૨૦૨૩ | અંજાર | ૧૪૧.૫૯ | ૩૨૩ | ૭૭.૮૩ |
| | | ભચાઉ | ૩૧૭.૩૦ | ૫૨૪ | ૧૬૧.૭૦ |
| | | ગાંધીધામ | ૧૧૪.૨૧ | ૨૭૩ | ૬૬.૯૮ |
| | | અબડાસા | ૧૯૫.૦૬ | ૧૫૫૮ | ૧૩૯.૩૩ |
| | | માંડવી | ૧૪૭.૨૧ | ૯૦૫ | ૧૦૨.૮૬ |
| | | મુન્દ્રા | ૨૦૫.૫૦ | ૬૩૭ | ૧૧૦.૪૦ |
| | | લખપત | ૧૩૯.૫૬ | ૯૦૬ | ૭૯.૧૫ |
| (જાન્યુ-૨૩થી ડિસે.- ૨૩ અંતિત) કુલ | | | ૧૨૬૦.૪૩ | ૫૧૨૬ | ૭૩૮.૨૫ |
| કુલ | | | ૧૭૦૮.૭૭ | ૭૭૨૮ | ૧૦૨૫.૪૧ |